# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મનં. ૬ ઉપર મુસાફરો માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા બાબત ડિવીઝન રેલ્વે મેનેજરશ્રી સમક્ષ રજુઆત કરાવમાં આવી...**

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

સમગ્ર સૌરાષ્ટ્રમાં રાજકોટ શહેરનું રેલ્વે સ્ટેશન સૌથી મોટું અને ટ્રાફિક રહીત ગણાય છે. તેમજ રોજ બરોજ હાજરોની સંખ્યામાં મુસાફરો રેલ્વે સુવિધાઓનો લાભ લેતા હોય છે. ત્યારે રેલ્વે સ્ટેશન પર મુસાફરોને કોઈપણ જાતની મુશ્કેલીઓ ન ભોગવવી પડે તે પણ ધ્યાને લેવી ખાસ જરૂરી છે.

રાજકોટના જંકશન રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મનં. ૬ ઉપર કોઈપણ જાતની સુવિધાઓ ઉપલબ્ધ નથી માત્ર વચ્ચે એક નાનું એવું છાપરૂ બનાવવામાં આવેલ છે. આ પ્લેટફોર્મ ઉપર અત્યંત મહત્વની અને ટ્રાફિક રહિત ઉતરાંચલ એકસપ્રેસ જે હરિદ્વાર જતી હોય તે ઉભી રહે છે. ત્યારે આવી મહત્વની ટ્રેન આવતી હોય અને ત્યાં મુસાફરોને કોઈપણ જાતની સુવિધઓ મળતી ન હોય જેમ કે, આ પ્લેટફોર્મ ઉપર લીફટ નથી, એસ્કેલેટર નથી, ફુડ શેડ નથી, કોચ ઈન્ડીકેટર નથી, CCTV કેમેરા નથી તેમજ ટોયલેટ જેવી સુવિધાઓ નથી. વધુમાં આ પ્લેટફોર્મ ઉપર મોટા ભાગે સિનીયર સીટીઝનો મુસફારો આવતા હોય તેઓ માટે ગોલ્ફકોર્ટની સગવડતા પણ મળી રહી નથી. જે ખુબ જ આશ્ચર્ય જનક જણાય રહયું છે. જેના કારણે મુસાફરોને ખુબ જ હાલાકીનો સામનો કરવો પડી રહયો છે.

ત્યારે પ્લેટફોર્મનં. ૬ ઉપર તમામ સુવિધાઓ તાત્કાલીક ઉપલબ્ધ કરાવવી અથવા તો ઉતરાંચલ એકસપ્રેસને પ્લેટફોર્મનં. ૧ અથવા ૨ ઉપર સ્ટોપ આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ તથા ZRUCC મેમ્બરશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા ડિવીઝનલ રેલ્વે મેનેજરશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. જેથી મુસાફરોને કોઈપણ જાતની મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.